પેજ 3

## અમિતાભ બચ્ચને મુંબઈમાં 3 ફ્લોર રૂ.33 લાખ મહિનાના ભાડા પર આપ્યા



**અંધેરીમાં** 8,428 ચોરસ ફૂટ સ્પેસ 5 વર્ષ માટે લીઝ પર; 21.88 કરોડની થશે કમાણી

મુંબઈ, તા. 17: મેગાસ્ટાર અમિતાભ બચ્ચને મુંબઈના અંધેરી વેસ્ટ સ્થિત સિગ્નેચર બિલ્ડિંગમાં ત્રણ ફ્લોર પાંચ વર્ષની લીઝ પર આપ્યા છે. આ ઓફિસ સ્પેસને ન્યુટ્રિશન બ્રાન્ડ 'ટ્રુનેટિવ એફએન્ડબી પ્રાઇવેટ લિમિટેડ'એ લીઝ પર લીધી છે. પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો અનુસાર, કંપની દર મહિને 33 લાખ રૂપિયા ભાડું આપશે. લગભગ ૮,૪૨૮ ચોરસ ફૂટના કાર્પેટ એરિયા ધરાવતા આ પરિસરમાં નવ વાહનો માટે નિર્ધારિત પાર્કિંગની સુવિધા પણ સામેલ છે. પાંચ વર્ષની લીઝ અવધિમાં કુલ ભાડું લગભગ ૨૧.૮૮ કરોડ રૂપિયા થશે. દસ્તાવેજો મુજબ, લીવ એન્ડ લાયસન્સ એગ્રીમેન્ટ ઓગસ્ટ ૨૦૨૬માં રજિસ્ટર થયું છે. કંપનીએ ૧.૯૮ કરોડ રૂપિયાની સિક્યુરિટી ડિપોઝિટ પણ જમા કરાવી છે. કરારમાં દર વર્ષે ભાડામાં ૫ ટકા વધારાની જોગવાઈ રાખવામાં આવી છે.

## પત્ની સાથે વિવાદ વચ્ચે થાઈલેન્ડ ડાન્સ કરવા પહોંચ્યો ગોવિંદા



પટ્ટાયા, તા. 17 : એક્ટર ગોવિંદા આજકાલ પોતાની અંગત જિંદગી અને પત્ની સુનીતા આહુજા સાથે ચાલી રહેલા વિવાદને લઈને ચર્ચામાં છે. આ દરમિયાન ગોવિંદાનો એક નવો વીડિયો સામે આવ્યો છે, જેમાં તે થાઈલેન્ડના પટ્ટાયા સ્થિત એક ક્લબમાં ડાન્સ કરતાં જોવા મળી રહ્યો છે.સ્વતંત્રતા દિવસ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમમાં ગોવિંદા પોતાના 90ના દાયકાનાં હિટ ગીતો પર થિરકતાં જોવા મળ્યો હતો. બ્લેક એન્ડ વ્હાઇટ સૂટ પહેરેલ ગોવિંદા બેકગ્રાઉન્ડ ડાન્સર્સ સાથે પોતાના સિગ્નેચર સ્ટેપ્સ કરતાં જોવા મળી રહ્યો છે. વાયરલ થઈ રહેલા વીડિયોમાં ગોવિંદાએ પોતાની સુપરહિટ ફિલ્મોનાં ગીતો 'સોની દે નખરે' અને 'સોને લગદે' પર ડાન્સ કર્યો હતો. તે સ્ટેજ પર પૂરા જોશ સાથે પોતાના જૂના અંદાજમાં ડાન્સ સ્ટેપ્સ કરતાં નજરે પડી રહ્યો છે.

## સોહેલ ખાને 12 કિલો વજન ઘટવાનું કારણ જણાવ્યું



મુંબઈ, તા. 17: એક્ટર અને પ્રોડ્યુસર સોહેલ ખાને હાલમાં જ પોતાના બદલાયેલા લુક અને વજન ઘટાડવાને લઈને ચાલી રહેલી અટકળો પર સ્પષ્ટતા કરી છે. રિયલિટી શો 'ધ એલાયન્સ'ની પાર્ટીમાં તેમનું ખૂબ ઓછું વજન જોઈને લોકો ઓઝેમ્પિક જેવી દવાઓ અને ફેટ બર્નર વાપર્યા હોવાની અટકળો લગાવી રહ્યા હતા.એક ઇન્ટરવ્યુમાં સોહેલે આ તમામ દાવાઓને ફગાવી દીધા હતા અને તેમણે જણાવ્યું હતું કે, શો દરમિયાન પેટ ખરાબ થવા અને તબિયત બગડવાને કારણે તેમણે પોતાના ખાનપાન પર નિયંત્રણ રાખ્યું, જેનાથી તેમનું લગભગ 12 કિલો વજન ઓછું થયું છે. સોહેલ ખાને જણાવ્યું હતું કે 'ધ એલાયન્સ' તેમનો પહેલો રિયલિટી શો હતો. શરૂઆતમાં તેમને ક્લોસ્ટ્રોફોબિયા (ગભરામણ) અનુભવાઈ હતી. ઘરમાં આવ્યાના પહેલા જ અઠવાડિયામાં તેમની પેટની તકલીફ વધી ગઈ, જેનાથી મુશ્કેલી ખૂબ વધી ગઈ હતી.

## અભિનેતા અશ્વિન મુશરાનની કારે ગોવામાં બાઇકને ટક્કર મારી



મુંબઈ, તા. 17 : 'ફેશન' અને 'લગે રહો મુન્નાભાઈ' જેવી મોટી ફિલ્મોમાં કામ કરી ચૂકેલા એક્ટર અશ્વિન મુશરાનનો ગોવાથી એક વીડિયો સામે આવ્યો છે, જેમાં ભીડે તેમને ઘેરી લીધા છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે, એક્ટરની કારે બાઇકસવાર પિતા-પુત્રને ટક્કર મારી, જેનાથી તેઓ ગંભીર રીતે ઘાયલ થઈ ગયા. એક્સિડન્ટ પછી વિવાદ ઊભો થયો. સામે આવેલા વીડિયોમાં એક્ટર ભીડની નારાજગી વચ્ચે દલીલો કરતા દેખાય છે. ત્યાં વચ્ચે બચાવ કરવા પહોંચેલા નેતાએ દાવો કર્યો છે કે, એક્ટરની પત્ની રેબેકા તેમના પર થૂંકી હતી. ઘટના કથિત રીતે મડગાંવના કુસમન, ક્વેપેમ વિસ્તારમાં બની હતી. અકસ્માતમાં બાઇકસવાર પિતાને ગંભીર ઈજાઓ થઈ છે અને તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. સામે આવેલા વીડિયોમાં અશ્વિન મુશરાન અને તેમની પત્ની રેબેકાને સ્થાનિક લોકો સાથે દલીલ કરતા જોઈ શકાય છે.

## મુકેશ ખન્ના બોલ્યા: 'જન ગણ મન...' હટાવો, 'વંદે માતરમ...' લાવો



મુંબઈ, તા. 17:'શક્તિમાન' એક્ટર મુકેશ ખન્નાએ તાજેતરમાં રાષ્ટ્રગાન 'જન ગણ મન...' હટાવવાની માગ કરી નાખી છે. તેમનું કહેવું છે કે તેની જગ્યા 'વંદે માતરમ...'ને આપવી જોઈએ. જોકે, આ નિવેદન આપતી વખતે તેમનાથી મોટી ભૂલ થઈ ગઈ. તેમણે કહ્યું કે 'વંદે માતરમ...'ને રાષ્ટ્રગીત બનાવવું જોઈએ, જ્યારે તે પહેલાથી જ રાષ્ટ્રગીત છે. આ ઉપરાંત તેમણે રાષ્ટ્રગાન 'જન ગણ મન...' કહેતા પણ ભૂલ કરી દીધી. તાજેતરમાં મુકેશ ખન્નાએ કહ્યું હતું કે, 'હું ત્રણ વર્ષ પહેલાં કહી ચૂક્યો છું કે '''વંદે માતરમ...'ને રાષ્ટ્રગીત બનાવો (આ રાષ્ટ્રગીત જ છે). આ 'જન ગણ મન...' આપણા દેશનું નથી. આ જે ક્વીન એલિઝાબેથ હતાં, તેમના માનમાં રવીન્દ્રનાથ ટાગોરે એક સ્તુતિ ગાન લખ્યું હતું, તેને આપણે માની લીધું, ભાગ્ય વિધાતા, પંજાબ સિંગ (સિંધ). અરે આ આપણું નથી. આપણું છે 'વંદે માતરમ...', જે લતાજીએ ગાયું છે.''

## પાળેલી બિલાડીની વિદાયથી આમિર ખાનનો પરિવાર ભાવુક: કિરણ રાવે લખી હૃદયસ્પર્શી પોસ્ટ



મુંબઈ, તા.૧૭: અભિનેતા આમિર ખાનની ભૂતપૂર્વ પત્ની કિરણ રાવ અને તેમના પુત્ર આઝાદે તેમની પાળેલી બિલાડી મિરીને અશ્રુભીની વિદાય આપી હતી. સોશિયલ મીડિયા પર આમિરના ૧૪ વર્ષનો પુત્ર રડી રહ્યાના કેટલાક વીડિયો સામે આવ્યા હતા. હવે, તેમની ભૂતપૂર્વ પત્ની, ફિલ્મ-નિર્માતા કિરણ રાવે પણ તેમની સ્વર્ગસ્થ પાળેલી બિલાડી માટે એક ભાવુક નોંધ લખી છે. કિરણ રાવે ઇન્સ્ટાગ્રામ પર લખ્યું, "મિરી કેટ ગઈ કાલે આપણને છોડીને ચાલી ગઈ. જેથી તે અનંત તડકાની મજા લઈ શકે અને પીછો કરવા માટે તેને ઘણા પક્ષીઓ તથા નાના જીવો મળી શકે. તે એક બહુ જ કૂલ બિલાડી હતી. તેના પર કાળા-સફેદ (મરી જેવા) રંગના પટ્ટા માટે તેનું નામ 'મિરી' રાખવામાં આવ્યું હતું, મિરી એક કુશળ શિકારી હતી જેને ગ્લાસમાંથી પાણી પીવું ગમતું હતું અને તે બિલ્ડિંગમાં ઉપર-નીચે જવા માટે લિફ્ટનો ઉપયોગ કરતી હતી."



ઇન્ડોનેશિયાના ૮૧મા સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિત્તે જાકાર્તામાં એક સ્થળે ટોચ પર લટકાવેલા ઈનામો મેળવવા માટે સ્પર્ધકો સ્થાનિક રીતે 'પંજાત પીનાંગ' તરીકે ઓળખાતી ગ્રીસ લગાવેલા થાંભલા પર ચડવાની સ્પર્ધામાં ભાગ લઇ રહેલા તસવીરમાં જોઇ શકાય છે.

# ઓમાન સાથે હોર્મુઝ કરાર થઈ રહ્યો હોવાની ઈરાનની જાહેરાત

**વોશિંગ્ટનના** પ્રયાસોમાં જો ઓમાન દખલ કરશે તો તેના પર પણ બોમ્બમારો કરવાની ટ્રમ્પની ધમકી

દુબઈ, તા. 17: ઈરાને સોમવારે જણાવ્યું હતું કે તે હોર્મુઝની સામૂહિક સમુદ્રધૂનીમાંથી જહાજોના પરિવહનને નિયંત્રિત/સંચાલિત કરવાની યોજના પર ઓમાન સાથે એક સંયુક્ત કરારને આખરી ઓપ આપવા માટે કામ કરી રહ્યું છે. આ જળમાર્ગને કોમર્શિયલ શિપિંગ માટે સંપૂર્ણપણે ફરીથી ખોલવો એ અમેરિકાની મુખ્ય માંગ રહી છે, પરંતુ આ કરાર વોશિંગ્ટનના માપદંડો પર ખરો ઉતરશે કે નહીં તે હજુ અસ્પષ્ટ છે.

આ જાહેરાત એવા સમયે આવી છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ સમજૂતી શોધવા માટેની 60-દિવસની વાટાઘાટોની સમયમર્યાદા પૂરી થઈ રહી હતી. મુદત વધારવા અંગે કોઈ સમાચાર નથી અને બંને પક્ષો બે મહિના પહેલા જેટલા દૂર હતા તેટલા જ હજુ પણ અળગા જણાતા હતા. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ તેહરાનમાં પત્રકારોને જણાવ્યું હતું કે ટ્રાન્ઝિટ રૂટના નકશા અંગે એક સમજૂતી થઈ ગઈ છે. તેમણે વધુ વિગતો આપી ન હતી, પરંતુ અગાઉ બહાર આવેલી વિગતો સૂચવે છે કે આ કરાર હેઠળ જહાજો ઈરાનની નજીકના રૂટ પરથી પ્રવેશ કરશે અને ઓમાનની નજીકના રૂટ પરથી બહાર નીકળશે તે રીતે સમુદ્રધૂનીને ફરીથી ખોલવામાં આવશે. વચગાળાના સમયગાળા દરમિયાન જહાજો કોઈપણ ફી કે ટોલ ચૂકવ્યા વિના પસાર થશે.

દરમ્યાન, ઈરાને આ કરાર અંગે માહિતી આપી તે પછી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ધમકી આપી હતી કે જો ઓમાન ઈરાન સામેના વોશિંગ્ટનના પ્રયાસોમાં દખલ કરશે તો તેઓ તેની સામે લશ્કરી કાર્યવાહી કરશે. સોમવારે 'ફોક્સ ન્યૂઝ'ના સંવાદદાતા ટ્રે યિંગસ્ટ સાથે ટેલિફોનિક ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું હતું કે, જો ઓમાન વચ્ચે આવશે, તો અમે તેમના પર ભારે બોમ્બમારો કરીશું. ટ્રમ્પે આ ધમકી એવા દિવસે આપી હતી જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચેનો ૬૦ દિવસનો સમજૂતી કરાર સમાપ્ત થઈ ગયો હતો, અને સંઘર્ષનો અંત લાવવા માટે કોઈ વ્યાપક કરાર થઈ શક્યો ન હતો.

# ટ્રમ્પનો આદેશ: દક્ષિણ કોરિયા સાથેની સૈન્ય કવાયતમાં કાપ મુકાશે

**ઈરાન** મામલે સહયોગ ન મળતાં ટ્રમ્પ નારાજ

**આ** કવાયતોથી 'બિન-ધમકીરૂપ' અને 'આદરણીય' ઉત્તર કોરિયાને ખોટા સંકેતો જઇ શકે છે!

વોશિંગ્ટન, તા. 17(AP): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે પેન્ટાગોનને દક્ષિણ કોરિયા સાથે યોજાનારી સંયુક્ત સૈન્ય કવાયતોને ઘટાડવાનો આદેશ આપ્યો છે. ટ્રમ્પના જણાવ્યા અનુસાર, દક્ષિણ કોરિયાએ ઈરાનને પરમાણુ મુક્ત કરવાના પ્રયાસોમાં મદદ કરવાનો ઈનકાર કરી દીધો હતો. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે આ સંયુક્ત યુદ્ધાભ્યાસને 'બિન-ધમકીરૂપ' અને 'આદરણીય' ઉત્તર કોરિયા દ્વારા શત્રુતાપૂર્ણ ગણવામાં આવી શકે છે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે તેમણે તાજેતરમાં દક્ષિણ કોરિયાના પ્રમુખને ઈરાનને પરમાણુ મુક્ત કરવાના અમેરિકાના પ્રયાસોમાં જોડાવા વિનંતી કરી હતી, અને તેમણે કહ્યું, ''ના આભાર'' અમેરિકી પ્રમુખે વધુમાં જણાવ્યું હતું કે આ અઠવાડિયે શરૂ થનારી આ કવાયતો માત્ર ખર્ચાળ જ નથી પરંતુ ઉત્તર કોરિયા માટે 'સંપૂર્ણપણે અયોગ્ય અને શત્રુતાપૂર્ણ સિગ્નલ મોકલે છે', જે તેમના વ્હાઈટ હાઉસના કાર્યકાળ દરમિયાન 'બિન-ધમકીરૂપ અને આદરણીય રહ્યું છે.'

ટ્રમ્પે લખ્યું, "તેથી, અને એ હકીકતના આધારે કે હવે આ કવાયત રદ કરવી ખૂબ મોડી થઈ ગઈ છે, મેં યુદ્ધ મંત્રી પીટ હેગસેથને સંયુક્ત સૈન્ય કવાયતમાં નોંધપાત્ર ઘટાડો કરવાનો નિર્દેશ આપ્યો છે!" આ પગલું દર્શાવે છે કે પ્રમુખ એક એવા નેતાની તરફેણમાં પોતાના જ સાથી દેશનો વિરોધ કરી રહ્યા છે, જેને અગાઉના વહીવટીતંત્રોએ હરીફ અથવા વિરોધી તરીકે ગણાવ્યા છે. ટ્રમ્પ અને તેમના વહીવટીતંત્રના અન્ય અધિકારીઓએ ઈરાન સામેના તેમના યુદ્ધ માટે સહયોગ ન આપવા બદલ નાટોના સાથી દેશો પર પણ પ્રહારો કર્યા છે, ભલે તેઓ બાલ્ટિક ક્ષેત્રમાં વધુ આક્રમક બનેલા રશિયાનો સામનો કરવાનો પ્રયાસ કરી રહ્યા હોય. 18,000 દક્ષિણ કોરિયન સૈનિકોને સાંકળતી આ આયોજિત 11-દિવસીય કવાયતનો હેતુ ઉત્તર કોરિયાના ખતરા સામે તૈયારીઓને મજબૂત કરવાનો હતો.

# રામ મંદિર દાન ઉચાપત મામલે સીટને તપાસ ઝડપથી પૂર્ણ કરવા સુપ્રીમ કોર્ટનો આદેશ

**સીલબંધ** કવરમાં પ્રગતિ રિપોર્ટ રજૂ કરવા નિર્દેશ

**તપાસમાં** પારદર્શિતા માટે અરજદારો પાસેથી સૂચનો મગાવવાની મંજૂરી

નવી દિલ્હી, તા. 17 (પીટીઆઈ): અયોધ્યાના રામ મંદિરના દાનમાં કથિત ગેરરીતિ અને ઉચાપતના આરોપોની તપાસ કરી રહેલી કોર્ટ દ્વારા નિયુક્ત વિશેષ તપાસ ટીમ (સીટ)ને સર્વોચ્ચ અદાલતે સોમવારે તપાસ ઝડપથી પૂર્ણ કરીને તેને તાર્કિક અંત સુધી પહોંચાડવા સૂચના આપી હતી.

ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેન્ચે સીટને તપાસમાં થયેલી પ્રગતિ અંગે સીલબંધ કવરમાં સ્ટેટસ રિપોર્ટ અદાલતમાં રજૂ કરવા પણ આદેશ આપ્યો હતો.

કોર્ટે કહ્યું કે ફોરેન્સિક ઓડિટરનો સમાવેશ કરતી સીટનો રિપોર્ટ સૌપ્રથમ બેન્ચ પોતે તપાસશે અને ત્યારબાદ તેને તમામ પક્ષકારો સમક્ષ જાહેર કરવો કે નહીં તે અંગે નિર્ણય લેશે.

બેન્ચે અરજદારો તથા અન્ય જાહેરહિત ધરાવતા લોકોની તપાસ સંબંધિત સૂચનો સ્વીકારવાની પણ મંજૂરી આપી છે. આ સૂચનો સોલિસિટર જનરલ તુષાર મહેતાની કચેરીને આપવામાં આવશે, જે તેને સીટ સુધી પહોંચાડશે. સીટે આવા સૂચનોને નિષ્પક્ષ રીતે ધ્યાનમાં લેવા પડશે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે સીટનો રિપોર્ટ તપાસ્યા બાદ ભક્તો દ્વારા રામ મંદિરમાં આપવામાં આવતા દાનના વ્યવસ્થાપનમાં સુધારા અને પારદર્શિતા માટે જરૂરી નિર્દેશો જારી કરવામાં આવી શકે છે.

27 જુલાઈએ સુપ્રીમ કોર્ટે રામ મંદિરના દાનની કથિત ઉચાપતની તપાસ માટે IGP કિરણ એસ.ના નેતૃત્વમાં 4 સભ્યોની સીટની રચનાની નોંધ લીધી હતી અને ઉત્તર પ્રદેશ સરકારને તપાસ ટીમમાં ફોરેન્સિક ઓડિટરનો પણ સમાવેશ કરવા કહ્યું હતું.

અગાઉ 20 જુલાઈએ કોર્ટે સીટ રચવાની શક્યતા અંગે રાજ્ય સરકાર પાસેથી માહિતી માગી હતી, જ્યારે 13 જુલાઈએ ઉત્તર પ્રદેશ પોલીસને સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. દાન વ્યવસ્થાપનમાં ગેરરીતિના આરોપો બાદ RJD સાંસદ સુધાકર સિંહ સહિત અનેક અરજદારોએ CBI તપાસ અને મંદિર ટ્રસ્ટના નાણાંનું ફોરેન્સિક ઓડિટ કરવાની માગ સાથે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો.

# યુપીના જજે ચાર મહિનામાં 10 કેસમાં 22 દોષિતોને ફાંસીની સજા ફટકારી

**એડિશનલ** ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ રવિ કુમાર દિવાકરની કોર્ટે 10 કેસમાં ચુકાદા આપ્યા

મુઝફ્ફરનગર (યુપી), તા. 17 (પીટીઆઈ) છેલ્લા ચાર મહિનામાં એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ રવિ કુમાર દિવાકરની કોર્ટે 10 કેસમાં ચુકાદા આપ્યા છે, જેના પરિણામે 22 વ્યક્તિઓને ફાંસીની સજા સંભળાવવામાં આવી છે. સરકારી વકીલ કુલદીપ કુમારે સોમવારે જણાવ્યું હતું કે, વકીલ સમીર સફી હત્યા કેસમાં 6 એપ્રિલ, 2026ના રોજ ત્રણ વ્યક્તિઓને ફાંસીની સજા ફટકારવામાં આવી હતી. 28 એપ્રિલે ચાર, 20 મેના રોજ એક અને 20 જૂને બે લોકોને ફાંસીની સજા ફટકારવામાં આવી હતી. 2 જુલાઈના રોજ એક, 6 જુલાઈના રોજ બે અને 17 જુલાઈના રોજ ચાર લોકોને ફાંસીની સજા મળી હતી. 12 ઓગસ્ટના રોજ એક વ્યક્તિને અને 13 ઓગસ્ટના રોજ વધુ ચાર લોકોને ફાંસીની સજા ફટકારવામાં આવી હતી. કુમારે જણાવ્યું કે છેલ્લા ચાર મહિનામાં આ 10 કેસમાં દોષિત ઠરેલા તમામ 22 લોકોને ફાંસીની સજા સંભળાવવામાં આવી હતી. આ ગુનાઓમાં વકીલની હત્યા, હોમગાર્ડની હત્યા, હાઈવે પર લૂંટ અને અન્ય હત્યાના કેસો સામેલ હતા. 12 ઓગસ્ટે કોર્ટે લગભગ 27 વર્ષ પહેલાં ખંડણી માટે લાકડાના વેપારીનું અપહરણ અને હત્યા કરવા બદલ એક વ્યક્તિને ફાંસીની સજા સંભળાવવી હતી. 1999માં સલીમના અપહરણ અને હત્યામાં દોષિત ઠર્યા બાદ દોષિત શાહનવાજને રૂ. 1.10 લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. 13 ઓગસ્ટે, મુઝફ્ફરનગરની ફાસ્ટ ટ્રેક કોર્ટે 12 વર્ષ જૂના હત્યા કેસમાં ચાર વ્યક્તિઓને ફાંસીની સજા સંભળાવી હતી.

# હજારો લોકો ટ્રમ્પનું અમેરિકા છોડીને સ્કોટલેન્ડ જઈ રહ્યા છે

**બ્રિટનના** સ્કોટલેન્ડ વિસ્તારમાં સ્થાયી થવા જઇ રહેલા લોકોમાં યુવાનોનું મોટું પ્રમાણ

**બાઇડન** સત્તામાં હતા તેના કરતા બ્રિટિશ નાગરિક્તા માટેની અમેરિકનોની અરજી બમણી થઇ ગઇ

લંડન, તા. ૧૭: ડોનાલ્ડ ટ્રમ્પે ભલે અમેરિકાને ફરી મહાન બનાવવાનું વચન આપ્યું હોય, પરંતુ મોટી સંખ્યામાં યુવાન અમેરિકનો વિદેશ જઈ રહ્યા છે અને અમેરિકાની સરખામણીમાં સ્કોટલેન્ડની પસંદગી કરી રહ્યા છે.

અમેરિકાના રહીશો દ્વારા બ્રિટિશ નાગરિકતા માટેની અરજીઓ ગયા વર્ષે વિક્રમી 9,300 સુધી પહોંચી ગઈ હતી, જે 2022માં જો બાઈડેન વ્હાઈટ હાઉસમાં હતા ત્યારના આંકડા કરતાં બમણાથી પણ વધુ છે. અને પ્રોપર્ટી ટેકનોલોજી ફર્મ 'ગુડલોર્ડ' દ્વારા કરવામાં આવેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે, ટ્રમ્પના અમેરિકાથી દૂર જઈ રહેલા નવા આવનારાઓમાંથી મોટાભાગના લોકો ટ્રમ્પની સ્કોટીશ માતાના વતનમાં સ્થાયી થઈ રહ્યા છે. ધ સન્ડે ટાઈમ્સમાં પ્રકાશિત આ અભ્યાસ મુજબ, ટ્રમ્પ ફરીથી ચૂંટાયા ત્યારથી સ્કોટલેન્ડમાં ભાડેથી રહેતા અમેરિકનોની સંખ્યામાં 63 ટકાનો વધારો થયો છે, જે 265 થી વધીને 431 થઈ ગયો છે.

ગુડલોર્ડે છેલ્લા બે વર્ષમાં હસ્તાક્ષર કરાયેલા 3,00,000 થી વધુ ભાડા કરારોનું વિશ્લેષણ કર્યું હતું અને તેની સરખામણી 2023 અને 2024 સાથે કરી હતી, જ્યારે ડેમોક્રેટ્સ સત્તામાં હતા. તેમાં જાણવા મળ્યું કે સ્કોટલેન્ડમાં રહેતા અમેરિકન ભાડૂતોની સરેરાશ ઉંમર 27 વર્ષ છે, જે દર્શાવે છે કે યુવાન વ્યાવસાયિકો ત્યાં શિફ્ટ થવા માટે સૌથી વધુ ઉત્સુક છે. ગુડલોર્ડના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર વિલિયમ રિવ એ અખબારને જણાવ્યું હતું કે, 'આ આંકડા એ વાતને વધુ બળ આપે છે કે યુ.એસ.ના રાજકારણમાં અસ્થિરતા ઘણા અમેરિકનોને યુકેમાં નવું ઘર શોધવા માટે પ્રેરિત કરી રહી છે.'

## પશ્ચિમ બંગાળના બીરભૂમમાં હોટેલમાં ભીષણ આગ: 7 યાત્રાળુઓનાં મોત

**શોર્ટ** સર્કિટના કારણે આગ લાગી હોવાનો હોટેલના અધિકારીઓનો દાવો

તારાપીઠ (પ.બંગાળ), તા. 17 (PTI) પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લાની એક હોટેલમાં સોમવારે વહેલી સવારે લાગેલી આગમાં ઓછામાં ઓછા સાત લોકોનાં મોત થયાં છે અને અન્ય કેટલાક ગંભીર રીતે ઘાયલ થયા છે. એમ પોલીસે જણાવ્યું હતું. અહીં રોકાયેલા કેટલાક લોકો તીર્થયાત્રીઓ હતા, જેઓ પવિત્ર શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે પૂજા કરવા માટે તારાપીઠના મંદિર નગરમાં આવ્યા હતા. અહીં આવેલા પ્રખ્યાત કાલી મંદિરમાં ભગવાન શિવને સમર્પિત એક મંદિર પણ છે. ચાર માળની હોટેલના ગ્રાઉન્ડ ફ્લોર પર મળસકે 4.30 વાગ્યાની આસપાસ આગ ફાટી નીકળી હતી, જ્યારે મોટા ભાગના તીર્થયાત્રી ભરઊંઘમાં હતા. ઘટનાસ્થળે ફાયર ફાઇટરો ધસી ગયા હતા અને તેઓ આગ પર કાબૂ મેળવવામાં સફળ રહ્યા હતા. ઈજાગ્રસ્તોને રામપુરહાટ ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, તેમાંથી કેટલાક દાઝી ગયા હતા, જ્યારે અન્ય કેટલાક ગૂંગળામણને કારણે બીમાર પડ્યા હતા. હોસ્પિટલનાં સૂત્રોએ શરૂઆતમાં જણાવ્યું હતું કે, આ આગમાં પાંચ લોકોનાં મોત થયાં છે. જોકે, પોલીસે પાછળથી મૃત્યુઆંક સુધારીને સાત કર્યો હતો.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, "મૃત્યુઆંક હવે સાત થયો છે." હોટેલના અધિકારીઓએ દાવો કર્યો હતો કે, આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ, પાવર સપ્લાય સિસ્ટમના એક ઈલેક્ટ્રિકલ ઘટકમાં આગ લાગ્યા બાદ હોટેલના રિસેપ્શન પાસે આગ શરૂ થઈ હતી. જોકે, આગનું ચોક્કસ કારણ હજી સુધી જાણી શકાયું નથી. હોટેલની અંદર ડેકોરેટિવ અને ફાઇબર સામગ્રીને કારણે આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી. ઉપરના માળ સુધી ધુમાડો પ્રસરી ગયો હતો અને તેના કારણે કેટલાય તીર્થયાત્રી તેમના રૂમમાં ફસાઈ ગયા હતા.

## યુક્રેનના આર્સેલરમિત્તલ સ્ટીલ પ્લાન્ટ પર રશિયન મિસાઈલ હુમલો

**હુમલામાં** 2નાં મોત, 13 ઘાયલ

**લક્ષ્મી** મિત્તલની કંપનીને મોટું નુકસાન, ઉત્પાદન પ્રક્રિયા આંશિક રીતે અટકી

લંડન, તા. 17 (પીટીઆઈ): યુક્રેનમાં રશિયાએ કરેલા મિસાઈલ હુમલામાં આર્સેલરમિત્તલ સ્ટીલ પ્લાન્ટને નિશાન બનાવતાં 2 લોકોનાં મોત થયાં છે. આ ભારતના અબજોપતિ લક્ષ્મી મિત્તલની માલિકીની યુક્રેનની સૌથી મોટી સ્ટીલ ફેક્ટરી છે, હુમલાને કારણે તેની કામગીરીને આંશિક અસર થઈ છે.

મધ્ય યુક્રેનના ક્રિવી રિહ શહેરમાં આવેલી આર્સેલરમિત્તલ ક્રિવી રિહ નામની કંપનીએ રવિવારે રાત્રે થયેલા મિસાઈલ હુમલાની સખત ટીકા કરી હતી.

કંપનીએ શરૂઆતમાં જણાવ્યું હતું કે હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે અને કર્મચારીઓ તથા કોન્ટ્રાક્ટરો સહિત 13 લોકો ઘાયલ થયા છે. જોકે, બાદમાં શોધ અને બચાવ કામગીરી દરમિયાન બીજા મૃતદેહની પણ ઓળખ થઈ હતી.

કંપનીએ જણાવ્યું કે હુમલા બાદ બચાવ કામગીરી ચાલુ છે અને ઈમરજન્સી રિસ્પોન્સ પ્લાન લાગુ કરવામાં આવ્યો છે. ઘટનાસ્થળે ફાયર બ્રિગેડ, શ્રમ સુરક્ષા વિભાગ, બચાવકર્મીઓ અને તબીબી કર્મચારીઓ કામગીરી કરી રહ્યા છે. હુમલામાં અસરગ્રસ્ત લોકોને શહેરની તબીબી સુવિધાઓમાં જરૂરી સારવાર આપવામાં આવી રહી છે.

કંપનીના જણાવ્યા અનુસાર હુમલામાં પ્લાન્ટની મુખ્ય ઉત્પાદન સુવિધાઓ અને એનર્જી તથા બ્લાસ્ટ ફર્નેસ વિભાગને નુકસાન થયું છે. પરિણામે ઉત્પાદન પ્રક્રિયા આંશિક રીતે અટકાવી દેવામાં આવી છે.

## ચંબામાં ફુગ્ગાઓ સાથે બાંધેલો પાકિસ્તાની ધ્વજ મળી આવ્યો

શિમલા, તા. 17 (PTI) હિમાચલના ચંબા જિલ્લાના ચુરાહ વિસ્તારમાં, જે નિયંત્રણ રેખા (એલઓસી)થી આશરે 100 કિમી દૂર છે, સોમવારે 30થી વધુ ફુગ્ગાઓ સાથે બાંધેલો પાકિસ્તાની ધ્વજ મળી આવ્યો હતો. લીલા અને સફેદ રંગના ફુગ્ગાઓ પર 'દિલ દિલ પાકિસ્તાન' લખાણ લખેલું હતું. ગ્રામજનો દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે, તિસા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ફુગ્ગાઓ તથા અન્ય સામગ્રી કબજે કરી હતી. ચંબાના પોલીસ અધિક્ષક (એસપી) વિજય કુમાર સકલાનીએ જણાવ્યું હતું કે, આગળની કાર્યવાહી ચાલુ છે. આ ઘટના હિમગીરી ગ્રામ પંચાયતના શુર્નાલા ખાતે બની હતી. ચુરાહ એ એક દુર્ગમ, ઊંચા પહાડી વિસ્તાર ધરાવતો સબ-ડિવિઝન છે જે જમ્મુ અને કાશ્મીરના ડોડા અને કિશ્તવાડ વિસ્તારો સાથે સરહદ ધરાવે છે અને એલઓસીથી આશરે 100 કિમી દૂર છે. આવી ઘટના પહેલીવાર બની નથી. અગાઉ પણ રાજ્યના સિરમૌર, બિલાસપુર, ઉના, કાંગડા અને હમીરપુર સહિત અનેક જિલ્લાઓમાંથી આવા ફુગ્ગાઓ મળી આવ્યા હતા.